જૂનાગઢમાં પાર્ક કરેલા વાહનોમાંથી બેટરી ચોરી કરતો ઈસમ ઝડપાયો

ઘોરાજીનો રિક્ષા ડ્રાઈવર ચડી ગયો ચોરીના રવાડે

તસવીરઃ હિતેશ જોષી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ શહેરમા અલગ અલગ જગ્યાએથી રિક્ષાઓમાથી બેટરી ચોરીના નોંધાયેલ વણઉકેલ ગુન્હાનો ગણતરીની કલાકોમા ભેદ ઉકેલી ચોર ને મુદામાલ સાથે શહેરની સી ડિવિઝન પોલીસ એ ઝડપી પાડ્યો હતો

જુનાગઢ ઉચ્ચ પોલીસ અધિકારીઓની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક, હિતેષ ધાંધલ્યા ના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધી તેમજ મીલકત સબંધી ગુન્હાઓ અટકાવવા અને આવા બનેલ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના આપવામાં આવેલ હોય જે અનવ્યે શહેરના સી ડીવીજન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સુરજ ફનવર્ડ પાસે ફરીયાદીની પ્યાગો રિક્ષા રજી નં. ત્રૂ૬-૨૩-૬-૮૮૭૦ વાળી માથી એક્ષાઇડ કંપનીની લાલ કલરની બેટરી નંગ-૧ કિ.રૂ. ૬૨૦૦ તથા જૂનાગઢ બહાઉદ્દીન કોલેજ રોડ ઉપર પ્રમુખ જવેલર્સ પાસે સાહેદ હુશેન મહમદ ઠેબાની અશોક લેલન વાહનની પાવરઝોન કંપનીની કાળા કલરની બેટરી નંગ-૧ જેની આશરે કિ.રૂ.૩૫૦૦ મળી કુલ બેટરી નંગ-૨ કિ.રૂ.-૯૭૦૦ ની ચોરી થયેલ હોય જે અંગે જૂનાગઢ શહેરના સી ડીવી. પોલીસ સ્ટેશન ખાતે આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબનો ગુન્હો રજીસ્ટર. થયેલ હોય અને ઉપરોકત ગુન્હામાં ઉપરી અધિકારીઓ દ્વારા ચોરીમા ગયેલ તમામ મુદ્દામાલ તથા આરોપીને શોધી કાઢવા કડક સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને સી ડીવીજન પોલીસ સ્ટેશનના પીએસઆઇ આર.પી.વણઝારા ની સુચનાથી ગુન્હા શોધક યુનીટના સ્ટાફના માણસો દ્વારા અલગ અલગ ટીમો બનાવી સ્થાનીક જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા તથા જૂનાગઢ નેત્રમ શાખાના કેમેરાની મદદથી તપાસ કરતા હ્યુમન સોર્સીસ તેમજ ટેકનીકલ માધ્યમની બાતમી મળેલ કે ઉપરોક્ત ગુન્હાના કામે વાહનની બેટરીઓની ચોરી કરેલ ઇસમ એક અતુલ જેમ રિક્ષા રજી નં. GJ-01-TB-0922 વાળી લઇને જૂનાગઢ સરદારબાગની અંદર કેન્ટીનની પાછળના ભાગે ઉભેલ છે જેથી ઉપરોક્ત બાતમી વાળી રિક્ષા સાથે એક ઇસમને પકડી તેની ઉપરોકત ચોરી સબંધે આગવીઢબે પુછપરછ કરતા પોતે ઉપરોકત ગુન્હા અનવ્યે ચોરી કરેલાની કબુલાત આપતો હોય જેથી આરોપી મહમદ ઇકબાલ સીપાઈ જાતે, મુસ્લીમ ઉ.વ.-૪૩ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ રહે, ધોરાજી બહારપુરા વોરાવાડ, મસ્જીદ પાસે તા.ધોરાજી જી. રાજકોટ વાળાને ઉપરોક્ત ગુન્હાના કામે અટક કરી ગુન્હામા ચોરી થયેલ બેટરી નંગ-૨ કિ.રૂ. ૯૭૦૦ તથા અતુલ જેમ રિક્ષા કિ.રૂ. ૫૦,૦૦૦ નો મુદામાલ ગુન્હાના કામે કબ્જે કરી તેમજ આ ઇસમ પાસેથી તપાસ કરતા અન્ય કુલ બેટરી નંગ-૩ મળી આવેલ જે પોતે શહેરમાં ભવનાથ વિસ્તારમાથી તેમજ સુરજ ફનવર્ડ સામે બહાઉદીન કોલેજ રોડ ઉપર અલગ અલગ રિક્ષાઓમાથી ચોરી કરેલાની કબુલાત આપતો હોય જેથી ઉપરોકત બેટરી નંગ-૩ કિ.રૂ. ૧૧,૦૦૦ નો મુદામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સી ડીવીજન પોલીસ સ્ટેશનનો ઉપરોકત ચોરીનો અનડીટેકટ ગુન્હાનો ગણતરીની કલાકોમા ભેદ ઉકેલવામાં આવેલ છે.

ગીરગઢડા ગામે અનુસુચિત યુવાનનો કોહવાયેલ મૃતદેહ મળ્યો

પરિવારે મૃતકની હત્યા થયા અંગે આશંકા વ્યક્ત કરતાં પોલીસ દોડી

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા. ૨૬

ગીરગઢડા ગામે આવેલ અનુસુચિત વિસ્તારમાં રહેતાં આશાસ્પદ અનુસુચિત યુવક નો કોહવાયેલી હાલતમાં મૃતદેહ એક હોટલ નજીક નાળા ની અંદર થી મળી આવતા ભારે ચકચાર મચી જવા પામ્યો છે આ યુવક છેલ્લા ત્રણ દિવસ ગુમ થયેલ હોય અને તેમનાં પરીવાર દ્વારા શોધખોળ શરૂ હોય આ દરમિયાન તેનો મૃતદેહ મળી આવ્યો હતો અને પરીવારજનો એ તેની હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવતાં ગીરગઢડા પોલીસ દ્વારા લાશ કબજે કરી પી એમ માટે ખસેડીને તપાસ હાથ ધરી છે

ગીરગઢડા નાં અનુસુચિત વિસ્તારમાં રહેતા વાલજીભાઈ રામભાઈ રાઠોડ ઊવ ૪૦ ગત તારીખ ૨૩ નાં રોજ કોઈ ને કહ્યા વગર ઘરે થીનિકળીજતાંતેનાંપરીવારજનો શોધ ખોળ કરતાં હતાં અને આ બાબતે પોલીસ માં ગુમ થયાની નોંધ પણ કરાવેલ હતી આશાસ્પદ અનુસુચિત યુવાન નો ગત રાત્રી ના કોહવાયેલી હાલત માં મૃતદેહ મળતાં ગીરગઢડા પોલીસ સબ ઈન્સ્પેક્ટર જગદીશ ડાંગર સહિત મોટીસંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો મૃતદેહ ને કબ્જે કરીને જામનગર ખાતે પી.એમ. અર્થે ખસેડવામાં આવેલ છે ગીરગઢડા પોલીસ માં વાલજીભાઈ ગુમ થયા ની નોંધ કરાવયા બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરતા તારીખ ૨૫ નાં રાત્રી નાં ૧૧ વાગ્યા ની આસપાસ ગીરગઢડા ઉના રોડ પર આવેલ ગીર કેસરી હોટેલ નજીક આવેલા નાળા નાં અંદર નાં ભાગે વાલજીભાઈ રાઠોડ નો મૃતદેહ કોહવાયેલી હાલત માં મળી આવતા તેમના પરિવારજનો ને જાણ કરતા તેઓ પણ પોહચી ગયા હતા બાદ માં આ મૃતદેહ ને ગીરગઢડા સરકારી હોસ્પિટલ માં લાવતાં આ યુવાન નું મોત ક્યાં કારણોસર થયું છે તે અંગે ફોરેન્સિક લેબ માં લાશ પી. એમ. અર્થે મોકલવામાં આવેલ છે આ બાબતે પરીવાર જનો દ્વારા હત્યા અંગે આશંકા વ્યક્ત કરવામાં આવી હતી ગીરગઢડા પી.એસ.આઇ. જગદીશભાઈ ડાંગર નો સંપર્ક કરતા હાલ આ બનાવ અંગે તપાસ શરૂ છે પી એમ રિપોર્ટ આવ્યા બાદ આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

સોશિયલ મીડિયામાં ભાઈગીરી ભારે પડી

જૂનાગઢ સોશિયલ મીડિયામાં વડાપ્રધાન સામે અભદ્ર ટિપ્પણી કરનાર સામે ગુનો નોંધાયો

તસવીરઃ હિતેશ જોષી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ ખાતે સોશિયલ મિડિયામાં વાંધાજનક પોસ્ટ વાઇરલ કરી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીને નુકશાન કરવાનો પ્રયત્ન કરનાર ઇસમને જુનાગઢ એસઓજી ની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો

આ અંગે વિસ્તૃત અહેવાલ અનુસાર આ કામનો આરોપીએ મોબાઈલ ફોન મારફતે વોટ્સએપ થી ઈ હજ્ઞદ્ય ખુ ઊીક્ષફલફમવ (મારે હૈયે જુનાગઢનું હિત) નામના ગ્રુપમાં દેશના વડાપ્રધાન વિરૂધ્ધ બિભસ્ત શબ્દોનો પ્રયોગ કરી કોઇ એક વર્ગના લોકોમાં વૈમનસ્ય પેદા થાય તેવી અપમાન જનક પોસ્ટ તથા વોરા મુસ્લીમ સમાજની ધાર્મીક લાગણી દુભાય અને કોમ કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવી પોસ્ટ કરી પોસ્ટો ડીલીટ કરી નાખી પુરાવાનો નાશ કરી ગુનો કરેલ હોય જે અંગે જૂનાગઢ સીટી ‘‘એ’’ ડીવી.પો.સ્ટે. ખાતે આઇપીસી કલમ ૧૫૩ (બી), ૫૦૫ (૨), ૫૦૪, ૨૦૧ મુજબનો ગુનો દાખલ કરાવેલ.

જૂનાગઢ ઉચ્ચ પોલીસ અધિકારીઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ જીલ્લામાં સાયબર ક્રાઇમના વધતા જતા બનાવોને ધ્યાને લઇ આવા ગુનાઓ બનતા અટકાવવા તેમજ કેટલાક જાણીતા અસામાજીક તત્વો,અને વિઘ્નસંતોષી તત્વો દ્વારા કોમી વૈમનશ્ય ફેલાવે તેવી અથવા લોકોની ધાર્મીક લાગણી દુભાવે તેવી કોઇ ચોકકસ વ્યકિત/સંગઠન/સંસ્થા વિરૂધ્ધ સોશ્યલ મીડીયા પર વાંધાજનક પોસ્ટ નાખવામાં આવે છે અને તેના કારણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી ઉપર અસર થવાની શકયતા રહે છે જેથી આ બાબતે સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર વાંધાજનક પોસ્ટ નાખનાર તત્વો વિરૂધ્ધ અસરકારક કાર્યવાહી કરવા તથા સોશીયલ મીડીયા પર વોચ રાખવા માટે સૂચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને એસ.ઓ.જી. જૂનાગઢના પીઆઇ પી.કે.ચાવડા તથા પીએસઆઇ એમ.એ.સોલંકી તથા સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય.

આગામી સમયમાં ગુજરાત રાજયમાં લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ યોજાનાર હોય જે અનુસંધાને સોશિયલ મીડિયા ઉપર ધાર્મિક લાગણી તેમજ ઉશ્કેરણી જનક પોસ્ટો ફેલાવામાં ન આવે અને આવી પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ રાખવા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા તરફથી સુચના આપવામાં આવી હોય જે સુચના અન્વયે એસ.ઓ.જી. દ્વારા ખાનગી બાતમીદારો તથા ટેકિનકલ સોર્સના માધ્યમથી આવી પ્રવૃતિ કરતા ઇસમો ઉપર કાર્યવાહી કરવા પ્રયાસો હાથ ધરેલ હતા. તે દરમ્યાન એસ.ઓ.જી.ના સ્ટાફ ને ખાનગી બાતમીદાર દ્વારા બાતમી હકિકત મળેલ કે, એક ઇસમ વોટ્સએપ ગ્રુપમાં ઉશ્કેરણીજનક પોસ્ટ કરી ભારત દેશના વડાપ્રધાન વિરુધ્ધ અભદ્ર ગાળો સાથેની બિભસ્ત પોસ્ટ કરેલ હોય જે પોસ્ટમાં જણાવેલ મોબાઇલ નંબર આધારે ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સ આધારે તપાસ કરતા આ મોબાઇલ નંબર હૈદર ઇકબાલભાઇ કુરેશી રહે. જૂનાગઢ દાતાર રોડ, સંજય ગેસ એજન્સી પાસે વાળો ઉપયોગ કરતો હોવાનું જણવા મળતા તેની તપાસ કરતા આરોપીને એસ.ઓ.જી. દ્વારા હસ્તગત કરી ઉપરોક્ત વિગતે શહેરના એ ડીવી. પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર. કરાવવામાં આવેલ તથા આરોપીને અટકાયત કરી વોટ્સએપ ગૃપના એડમીનની પુછપરછ કરવામાં આવેલ છે અને આગળની તપાસ ચાલુ છે.

મહેસાણાથી જેઠે પરિણિતાનું પુત્રી સાથે અપહરણ કર્યું, કાલવડથી ઝડપાયા

૬ માસથી બન્ને સંતાઈને મજુરી કામ કરતા હોવાનો ખુલાસો

(પ્રતિનિધિ દ્વારા)જામનગર તા ૨૬

મહેસાણા પંથકની એક પરણીતાનું તેની માસુમ દોઢ વર્ષની પુત્રી સાથે અપહરણ થઈ ગયું હતું, અને માતા પુત્રી ગમ થયા પછી જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવીને સંતાયા હોવાની માહિતીના આધારે પોલીસે તેઓને શોધી કાઢ્યા હતા. પોતાના કુટુંબી જેઠ દ્વારા પરણીતાનું અપહરણ કરાયું હતું, અને અહીં વાડીમાં સંતાઈને ખેત મજૂરી કામ કરતા હતા. જેઓનો કબ્જો મહેસાણા પોલીસને સોપી દેવાયો છે.

જામનગર એ એચ ટી યૂ ના પોલીસ ઇન્સ્પેક્ટર એન. ડી. સોલંકી અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના વિજાપુર પોલીસ સ્ટેશનના ગુમ થનાર મહિલા અને તેની ૧૮ માસની પુત્રી કે તેઓ કાલાવડ પંથકમાં વજીર ખાખરીયા ગામમાં ડાયાભાઈ ટપુભાઈ શિંગાળા ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરે છે. જેથી પોલીસ ટુકડી ડાયાભાઈ ની વાડીએ પહોંચી હતી, અને તપાસ કરતાં ત્યાંથી મહિલા મળી આવી હતી, જેની સાથે તેનો કુટુંબી જેઠ મહેન્દ્ર ગાભાજી ઠાકોર પણ મળી આવ્યો હતો. જે પ્રેમ કરતો હોવાથી પરણીતાને આજથી છ માસ પહેલાં તેના વતનમાંથી ઉઠાવી જઈ અહીં આવ્યો હતો, અને બંને સંતાઈને કે મજૂરી કામ કરતા હતા, પરંતુ પોલીસ ના હાથે ઝડપાઈ ગયા છે. જામનગર પોલીસની ટીમેં મહેસાણા પોલીસને જાણ કરી છે અને ત્રણેય નો કબજો સોંપી દેવાયો છે.

જામનગર કોર્પોરેશનના બદલી કામદારને એનઓસી આપવામાં નનૈયો

મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત

પ્રતિનિધિ દ્વારા જામનગર તા.૨૬

જામનગર મહાનગરપાલિકાના બદલી કામદારો મહાનગર પાલિકાના કર્મચારી ગણાય નહીં તેવો જવાબ આપી અધિકારી દ્વારા એનઓસી આપવાની ના પાડવામાં આવતા જવાબદાર અધિકારી સાથે પગલા લેવાની માંગ સામે મ્યુનિ. કમિશનર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

જામનગર જિલ્લા સફાઈ કામદાર યુનિયન ના પ્રેમજીભાઈ બાબરીયા એ આ રજુઆતમાં જણાવ્યું છે કે, જામનગર જિલ્લા સફાઈ કામદાર યુનિયન બે ટ્રેડ યુનિયન છે અને સફાઈ કામદારોનું પ્રતિનિધિતૃ કરે છે. બદલી કામદારને પગાર સ્લિપ આપવામાં આવે છે. છતાં સોલીડ વેસ્ટ શાખાના કંટ્રોલીંગ અધિકારી મુકેશ વરણવા કહે છે કે બદલી કામદાર મહાનગર પાલિકાના કર્મચારી ગણાય નહીં આથી એનઓસી આપી શકાય નહીં. આમ તેણે સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડસ ની જોગવાઈ નો ભંગ કરેલ છે. આથી મુકેશ વરણવા સામે સ્ટે ઓડર્સ ના ભંગ બદલ કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ.

જામનગરમાં આરઓ પ્લાન્ટમાં વીજચોરી કરનાર માલિકને એક વર્ષની કેદ

રૂા.૨.૬૭ લાખનો દંડ ભરવા કોર્ટનો આદેશ

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૬

જામનગર ના દરેડ - મસીતિયા ગામનાં રોડ પર આરઓ પ્લાન્ટમાં સાડા ચાર વર્ષ પહેલાં કરાયેલા વીજ ચેકીંગમાં પ્લાન્ટના સંચાલક સામે વીજચોરીનો આક્ષેપ મુકાયો હતો. તે કેસ ચાલી જતાં અદાલતે વીજચોરી પુરવાર માની આ આસામીને એક વર્ષની કેદની સજા અને રૂ. ૨,૬૭,૧૫૯નો દંડ ભરવાનો આદેશ કર્યો છે.

જામનગરના દરેડથી મસીતીયા રોડ પર ગઈ તા.૧-૧૧-૧૯ના દિવસે વીજ કંપનીની ચેકીંગ ટૂકડીએ હાથ ધરેલી કાર્યવાહીમાં ત્યાં આરઓ પ્લાન્ટ ધરાવતા નિલેશ ભીખાભાઈને ત્યાં ચેકીંગ કરતા આ આસામી વીજચોરી કરતા હોવાનું જણાઈ આવ્યું હતું. તેઓને રૂ. ૮૯૦૫૩નું પુરવણી બીલ આપવામાં આવ્યું હતું અને વીજ અધિનિયમ હેઠળ ફોજદારી ફરિયાદ કરવામાં આવી હતી.

આ કેસ અદાલત મા ચાલવા પર આવતા સરકાર પક્ષે ૧૪ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા, છ સાહેદની જુબાની રજૂ કરી હતી બંને પક્ષ તરફથી રજૂ થયેલી દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપી નિલેશ ભીખાભાઈ ને તકસીરવાન ઠરાવી એક વર્ષ ની કેદની સજા તથા પુરવણી બીલ થી ત્રણ ગણી રકમનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ છ મહિના ની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. સરકાર તરફ થી વકીલ રાજેશ વશીયર રોકાયા હતા.

જામનગરમાં શાળાના બાંધકામ સ્થળેથી ઘરેણા મોબાઈલની ચોરી કરનાર ઝડપાયો

પોલીસે મુદ્દામાલ કબ્જે કર્યો

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૬

જામનગર ના ગોકુલનગર વિસ્તારમાંથી પોલીસે એક શખ્સ ને ચોરાઉ ચાંદી ના ઘરેણા તથા ચોરવ મોબાઈલ ફોન સાથે પોલીસે ઝડપી લીધા છે. તેણે થોડા દિવસ પહેલા રડાર રોડ પર એક શાળા ના બાંધકામ ના સ્થળે થી ચોરી કરી હોવાની કબૂલાત આપી છે.

જામનગરના ગોકુલનગર રડાર રોડ પર ગઈકાલે એલ સી બી શાખાના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે વિજય ચનાભાઈ ચૌહાણ નામના શખ્સને અટકાયત માં લેવાયો હતો. આ શખ્સની તલાશી લેવાતા તેની પાસેથી ચાંદીના સાંકળા, ચાંદીની બે બંગડી, ગળામાં પહેરવાની ચાંદીની મોતીની માળા, પગમાં પહેરવાની બે વીટી તથા રૂ. ૨૫૦૦ નો મોબાઈલ મળી આવ્યો હતો. તેણે ઉપરોક્ત ચીજવસ્તુઓ થોડા દિવસ પહેલા ગોકુલનગરમાં આવેલી સરકારી શાળામાં ચાલતા બાંધકામના સ્થળેથી ચોરી કર્યાની કબૂલાત આપી છે. એલસીબીએ કુલ રૂ. ૯૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વિજય ચનાભાઈ ચૌહાણ ની વધુ પૂછપરછ હાથ ધરી છે.

ખંભાળિયાની સરકારી શાળામાંથી લેપટોપની ઉઠાંતરી

(પ્રતિનિધિ દ્વારા) ખંભાળીયા તા.૨૬

ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર વિસ્તાર સ્થિત એક સરકારી શાળાની કચેરીમાંથી કોઈ તસ્કરો બે લેપટોપ ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ અંગે ખંભાળિયામાં યોગેશ્વર નગર વિસ્તારમાં રહેતા અને મૂળ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રહીશ સુરેશભાઈ લાલાભાઈ પરમાર (ઉ.વ. ૪૪) એ ખંભાળિયા પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ અત્રેથી આશરે સાત કિલોમીટર દૂર શક્તિનગર બેલાવાડી ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળાની ઓફિસમાંથી ગત તારીખ ૮ એપ્રિલના રોજ કોઈ તસ્કરો જુદા જુદા બે મોડેલના લેપટોપ કે જે ઓફિસના કબાટમાં રાખવામાં આવ્યા હતા, આ બંને લેપટોપ કબાટ કે ઓફીસના તાળા તોડ્યા વગર કોઈ અજાણ્યા તસ્કરો ચોરી કરીને લઈ ગયા હતા. આ બંને લેપટોપની કુલ કિંમત રૂપિયા એક લાખ જાહેર કરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે શાળાના કર્મચારી સુરેશભાઈ પરમારની ફરિયાદ પરથી આઈપીસી કલમ ૩૭૯ મુજબ ગુનો નોંધી, તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

ખંભાળિયામાં પીધેલો રીક્ષા ચાલક

ખંભાળિયાના ગાયત્રી નગર વિસ્તારમાં રહેતા વિક્રમ નરશીભાઈ સાલાણી નામના ૩૫ વર્ષના શખ્સને પોલીસે શારદા સિનેમા રોડ ઉપરથી કેફી પીણું પીધેલી હાલતમાં રૂ. ૩૫,૦૦૦ ની કિંમતના છકડો રીક્ષા પર નીકળતા ઝડપી લઇ, તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જુનાગઢમાં મહિલાના ગળામાંથી દાગીનાની ચીલ ઝડપ કરનાર બેલડી ઝડપાઈ

સી ડિવિઝન પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા પકડી પાડી ચીલઝડપનો અનડીટેકટ ગુન્હાને ડીટેકટ કરાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા જૂનાગઢ જિલ્લામાં બનતા ચોરીઓના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અને આવા ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ ચોરીઓની પ્રવૃતિ કરતાં ઇસમોને પકડી પાડવા સુચના આપી માર્ગદર્શન પુરૂ પાડેલ હોય. જે અન્વયે ક્રાઇમ બ્રાન્ચ, જૂનાગઢના પીઆઇ જે.જે.પટેલ તથા પીએસઆઇ ડી.કે.ઝાલા તથા ક્રાઇમ બ્રાન્ચની ટીયના માણસો સતત પ્રયત્નશીલ હોય, તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ બનેલ હોય. તે બનાવવાળી જગ્યાની વીઝીટ કરી ટેકનીકલ સોર્સ તથા હ્યુમન ઇન્ટેલીજન્સની મદદથી ગુન્હાઓ શોધી કાઢવા પ્રયત્નશીલ હોય. દરમ્યાન જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે આઇ.પી.સી કલમ ૩૭૯(એ)(૧), ૧૧૪ મુજબનો બનાવ ગઈ તા.૦૧/૦૧/૨૦૨૪ ના રોજ જૂનાગઢ મધુરમ વિસ્તારમાં બનેલ જેમા ફરીયાદી ચાલીને જતા હતા દરમ્યાન બે અજાણ્યા પુરૂષ ઇસમો એક્ટીવા લઇને આવેલ અને ફરીયાદીની બાજુમાં આવી અને અચાનક ફરીયાદીએ ગળામાં પહેરેલ સોનાનો ચેઇન આશરે બે તોલાનો તથા સોનાનુ મંગળસુત્ર આશરે બે તોલાનું જે બન્નેની કિ.રૂ. ૮૭,૫૦૦ જુટ મારી જુટવીને લઇ જઇ દોડીને ભાગી જઇ ગુનો કરેલાનો બનાવ બનેલ હોય જે ગુનો અનડીટેક્ટ હોય. જેથી પોલીસ અધિક્ષક, જૂનાગઢ દ્વારા આ અનડિટેકટ બનાવ ડિટેકટ કરી ચીલઝડપ કરનાર ઇસમોને શોધી કાઢવા સૂચના આપી હોય જે સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ ના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી બનાવ સ્થળની વિઝીટ કરી આજુબાજુના વિસ્તારમાં ઉપલબ્ધ સીસીટીવી ફુટેઝ મેળવી તેમજ બનાવ સ્થળના ડેટા મેળવી અને ખાનગી બાતમીદારો તથા ટેકનીકલ સોર્સના માધ્યમથી આ ગુનામાં સંડોવાયેલ ઇસમોની તપાસ કરવામા આવતી હોય દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચ સ્ટાફ તેમજ પેરોલ ફર્લો સ્કોડના સ્ટાફ ને સંયુકતમાં ચોક્કસ બાતમી મળેલ કે. આ બનાવમાં માં તા.અંજાર, કચ્છનો રહેવાસી ભરત મનજી રાજગોર તેના સાગરીતો સાથે સંડોવાયેલ છે. તેવી ચોક્કસ બાતમીના આધારે આ ઇસમની તપાસ કરતા આ ઇસમ હાલ અમદાવાદ ખાતે હોવાની હકિકત જાણવા મળતા અમદાવાદ ખાતે જઇ આ ઇસમની તપાસ કરતા આ ઇસમ અમદાવાદ પાલડી ખાતે આવેલ હોટલ ક્રિષ્ના નજીકથી મળી આવતા વધુ પુછપરછ માટે અત્રેની કચેરીએ લઇ આવેલ અને તેઓની આ અંગે પુછપરછ કરતા ગલ્લા તલ્લા કરતા હોય જેથી આગામી ઢબે પુછપરછ કરતા આ ઇસમએ જણાવેલ કે, પોતે, સલીમ હાજી સમા રહે. જૂનાગઢ વાળાના કહેવાથી પોતાના મિત્ર રાજુ ગોવિંદ આહિર રહે. મુળ દાત્રાણા તા.સાંતલપુર જી.પાટણ, હાલ આદિપુર બસ સ્ટેશન વાળાનો સંપર્ક કરી અહીં જૂનાગઢ બોલાવેલ અને ત્રણેય જણાએ સાથે મળી આ બનાવને અંજામ આપેલ હોવાની હકિક્ત જણાવતા આ ઇસમ પાસેથી મળી આવેલ મુદ્દામાલ રીકવર કરી આગળની કાર્યવાહી અર્થે સી ડીવી. પોલીસ સ્ટેશન ને સોંપી આપેલ.

તસવીરઃ હિતેશ જોષી

અટક બદલાવેલ છે

આથી હું **રાયઠઠ્ઠા જીયા પરાગ** જાહેર કરૂ છું કે મે મારી અટક **રાયઠઠા જીયા પરાગ** માંથી બદલાવીને **રાયઠઠ્ઠા જીયા પરાગ** કરેલ છે અને હવેથી હું **રાયઠઠ્ઠા જીયા પરાગ** ના નામથી ઓળખાઇશ.

રાયઠઠ્ઠા જીયા પરાગ

ઈન્દુનયન, કીષ્ના પાર્ક, ઝવેરી બંગલો પાસે, પોરબંદર

નામ બદલાવેલ છે

હું શ્રેણિકા ભરતભાઈ સોલંકી જાહેર કરૂં છું કે પહેલા હું શ્રેણી ભરતભાઈ સોલંકી તરીકે ઓળખાતી હતી જે હવે હું શ્રેણિકા ભરતભાઈ સોલંકી તરીકે ઓળખાઇશ જેની દરેકે નોંધ લેવી.

શ્રેણિકા ભરતભાઈ સોલંકી

ગામ-રાજકોટ

CHANGE OF NAME

I THE UNDERSIGNED SAMNANI SALMABEN IMTIYAZBHAI HEREBY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM SAMNANI SALIMABEN IMTIYAJ TO SAMNANI SALMABEN IMTIYAZBHAI AND FROM NOW ON WARD I WILL BE KNOWN AS SAMNANI SALMABEN IMTIYAZBHAI.

SD/- SAMNANI SALMABEN IMTIYAZBHAI
AT,SAHYOG SOCIETY, JIN PLOT, KODINAR.DIST, GIRSOMNATH

CHANGE OF NAME

I THE UNDERSIGNED BRINDA GUNJAL SHAH HEREBY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM BRINDA DIPAKBHAT SHETH TO BRINDA GUNJAL SHAH NOW ONWARDS I WOULD BE KNOWN AS BRINDA GUNJAL SHAH

SHREE SUPARSHWANATH APRT-A-301, 3- MOMBASA AVENUE PARK, 150 FT RING ROAD, RAJKOT.

NOTICE

I THE UNDER SIGNED **PANDYA RAVI SATISHBHAI** I HAVE CHANGED MY NAME FROM **PANDYA RAVI SATISH** TO **PANDYA RAVI SATISHBHAI** AND NOW I AM KNOWN AS **PANDYA RAVI SATISHBHAI** .

PLACE: PORBANDAR
DATE: 26/04/2024

IndusInd Bank

ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ

FRR વિભાગ, ૧૧મો માળ, ટાવર ૧, વન વર્લ્ડ સેન્ટર, ૮૪૧,
સેનાપતિ બાપટ માર્ગ, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦૦૧૩

પરિશિષ્ટ- IV-A નિયમ ૮ (૬) ની જોગવાઈ મુજબ સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણની નોટીસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની હરાજી વેચાણ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (ઓ) અને જામીનદાર ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ કરજદારને મોરગેજ/ચાર્જ કરવામાં આવી છે, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ સિક્યોર્ડ ક્રેડિટરના, રૂ.૪,૩૩,૨૫,૦૩૩.૧૯ (રૂપિયા ચાર કરોડ તેત્રીસ લાખ પચ્ચીસ હજાર તેત્રીસ અને ઓગણીસ પૈસા) ની વસૂલાત માટે, ૧૬.૦૫.૨૦૨૪ ના રોજ જયાં છે ત્યાં, જેમ છે તેમ, અને જે છે તે પર વેચવામાં આવશે. ૨૩-એપ્રિલ-૨૦૨૪ ના રોજ ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડને, સ્વ. ગોવિંદભાઈ ખોડાભાઈ પાનસુરિયાના સિક્યોર્ડ કરજદારે તેમના કાયદેસરના માધ્યમથી a)કમલેશ ગોવિંદ પાનસુરીયા, b) રીનાબેન જી પાનસુરીયા અને c) રમાબેન જી પાનસુરીયા અને જામીનદારો કાંતાબેન નાથાભાઈ પાનસુરીયા, રમેશભાઈ નાથાભાઈ પાનસુરીયા, જીતેન્દ્રભાઈ નાથાભાઈ પાનસુરીયા, રંજનબેન નાથાભાઈ પાનસુરીયા અને કમલેશ ગોવિંદ પાનસુરીયા. અનામત કિંમત અને ઈન્ટરેસ્ટ મજા થાપણ નીચે દર્શાવેલ છે. મિલકતનું નિરીક્ષણ ૧૦.૦૫.૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી ઉપલબ્ધ રહેશે. નીચે દર્શાવેલ વિગતો મુજબ.

સ્થાવર મિલકતનું વર્ણન

લોટ નં	સુરક્ષિત સંપત્તિનું વર્ણન	જાણીતા બોજો	અનામત કિંમત	ઈએમડી	નિરીક્ષણનો સમય
1	ઈન્ડસ્ટ્રીયલ લીઝહોલ્ડ મિલ્કતની સ્થિતિએ પ્લોટ નં. ૨૩, adm.૮૩૬.૧૨ ચો.મી. બિલ્ડીંગ સાથે રે.સ.નં. ૧૨૮૦ પૈકી જસદણ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ઈક્વિટી હ્યુન્ડાઈ શો રૂમની પાછળ, પાટીદાર મેરેજ હોલ પાસે, જીઆઈડીસી રોડ, આટકોટ રોડ, જસદણ જિલ્લો રાજકોટ	શૂન્ય	રૂ.૧૦૫ લાખ	રૂ.૧૦.૫ લાખ	૧૦.૦૫.૨૦૨૪ના રોજ સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાક સુધી

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે www.indusind.com અથવા સેવા પ્રદાતાની વેબસાઈટ એટલે કે www.bankeauctions.com પર આપેલી લિંકનો સંપર્ક કરો.

તારીખઃ ૨૬.૦૪.૨૦૨૪
સ્થળઃ રાજકોટ

સહી/- અધિકૃત અધિકારી

નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ

nido HOME FINANCE

(અગાઉ એડલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું) **રજિસ્ટર્ડ ઓફિસઃ** ૫મા માળે સ્થિત, ટાવર ૩, વિંગ 'બી', કોહિનૂર સિટી મોલ કોહિનૂર સિટી, કિરોલ રોડ, કુર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૦. બ્રાંચ ઓફિસ સરનામું:- ઓફિસ ૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪, ત્રીજો માળ થર્ડ આઈ વિઝન સામે શિવાલીક પ્લાઝા, આઈઆઈએમ નજીક, પાંજરા પોળ અમદાવાદ, ૩૮૦૦૦૯

ઈ-હરાજી - સ્થિતિ ૧૫ દિવસની વેચાણ નોટીસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ ઈ-હરાજી દ્વારા વેચાણ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર અને જામીનદારને સૂચના આપવામાં આવે છે કે લોન લેણાંની વસૂલાત સુધીની રકમની વસૂલાત માટે નીચે દર્શાવેલ મિલકત ‘‘જ્યાં છે ત્યાં, ‘‘જેમ છે તેમ’’ અને ‘‘જે છે તે’’ પર વેચવામાં આવશે. કરજદાર(ઓ), સહ-કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) દ્વારા લેવામાં આવેલી લોન માટે ઉક્ત મિલકત મેસર્સ નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી) પાસે ગીરો છે. સુરક્ષિત કરજદાર નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિનો પ્રતિકાત્મક કબજો ધરાવે છે.

ક્રમ નં.	કરજદાર(ઓ)/સહ-કરજદાર(ઓ)/ જામીનદાર(ઓ)	વસૂલાતની રકમ	અનામત કિંમત અને EMD	હરાજીની તારીખ અને સમય	નિરીક્ષણની તારીખ અને સમય	કબજાની તારીખ
1.	વિશાલભાઈ બી અંબાસણા (કરજદાર) અને જયશ્રીબેન વિશાલભાઈ અંબાસણા (સહ-કરજદાર)	રૂ.૧૫,૦૫,૯૮૨.૫૦/- ૨૬.૦૪.૨૦૨૪ના રોજ (રૂપિયા પંદર લાખ પાંચ હજાર નવસો બ્યાસી અને પચાસ પૈસા માત્ર) + તેના પર વધુ વ્યાજ + કાનૂની ખર્ચ લેન નંબર માટે. LRJKSTH0000069586	રૂ.૬,૨૬,૮૫૦/- (રૂપિયા છ લાખ છવ્વીસ હજાર આઠસો પચાસ માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂ.૬૨,૬૮૫/- (રૂપિયા બાસઠ હજાર છસો પંચ્યાસી માત્ર)	૨૧-૦૫-૨૦૨૪ સવારે ૧૧થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ મિનિટ અનલિમિટેડ ઓટો એક્સટેન્શન સાથે)	૦૬-૦૫-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૩.૦૦ દરમિયાન	28-06-2023

સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ તે તમામ પાર્ટ અને પાર્સલ બેરીંગ ફ્લેટ નં.૪૦૩ ચોથા માળે ‘પ્રમુખરાજ પેલેસ ૧’ સ્કીમ નામે ઓળખાતા, જેનો બિલ્ટઅપ એરિયા ૩૬-૯૮ ચો.મી. I.E. ૩૯૮ ચો.ફુટ. આ સ્કીમ બિનખેતી જમીન પર ચણાયેલ છે. ગામ કોઠારીયા અને રેવેન્યુ સર્વે નં.૧ પૈકી ૧ અને આ પ્લોટ્સ પૈકી પ્લોટ નં ૬ અને ૭ સબ પ્લોટ નં ૬+૭/૧+૨+૩/૧ કોઠારીયા ગામ ખાતે આવેલ અને જિલ્લો રાજકોટ. આ ફ્લેટ નીચે પ્રમાણે બંધાયેલ:- ઉત્તરઃ ફ્લેટ નં. ૪૦૪, દક્ષિણઃ અન્યની મિલકત, પૂર્વઃ સામાન્ય જગ્યા, સીડી અને લીફ્ટ, પશ્ચિમઃ ખુલ્લી જગ્યા.

નોંધ:- ૧) હરાજી વેચાણ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net મારફતે ઓનલાઈન હાથ ધરવામાં આવશે અને માન્ય ઈમેઈલ, આઈડી પ્રૂફ અને ફોટો પ્રૂફ, પાન કાર્ડ ધરાવનાર અને ડિમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ દ્વારા યોગ્ય રીતે EMDની ચુકવણી કરેલ હોય તેવા બિડર્સ જ આ ‘‘ઓનલાઈન ઈ-ઓક્શન’’માં ભાગ લેવા માટે પાત્ર હશે.
૨) ઈચ્છુક બિડરોએ તેમની ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ/આરટીજીએસ/એનઈએફટી દ્વારા આના પર મોકલવાની રહેશેઃ લાભાર્થીનું નામઃ નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ, બેંકઃ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એકાઉન્ટ નંબર ૬૫૨૨૬૮૪૫૧૯૯, સરફેસી- ઓક્શન, એડલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, IFSC કોડઃ SBIN0001593.
૩) EMD સાથે ઓનલાઈન અરજી BID ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૦-૦૫-૨૦૨૪ છે.
૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને વેબસાઈટની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.net અથવા કૃપા કરીને શ્રી મૌલિક શ્રીમાળી નો સંપર્ક કરો. ફોન +૯૧- ૬૩૫૧૮૯૬૬૪૩/૯૧૭૩૫૨૮૭૨૭, હેલ્પ લાઈન ઈ-મેલ આઈડીઃ Support@auctiontiger.net.

મોબાઈલ નં. ૭૨૦૮૯૩૪૪૬૧
તારીખઃ ૨૭.૦૪.૨૦૨૪

એસડી/- અધિકૃત અધિકારી
નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ, (અગાઉ એડલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લી.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૯.
ગાંધીધામ શાખાઃ ઓફિસ નં. ૩૦૫ અને ૩૦૬, બીજો માળ, રાયસેન આર્કેડ, ઓસલો સિનેમા નજીક, સેકટર નં.૮ ગાંધીધામ -કચ્છ ૩૭૦૨૦૧ (ગુજરાત)

પરિશિષ્ટ ૪ કબજાની નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટીના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ મુજબ પ્રાપ્તિની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે નીચે દર્શાવેલ કરજદાર/જામીનદારોને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ(ઓ) ઉક્ત નોટિસમાંથી. કરજદાર રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી કરજદાર/જામીનદાર(ઓ) અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે તેને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. અધિનિયમની કલમ ૧૩ની કલમ (૪) સુરક્ષા હિત અમલીકરણ નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચવામાં આવી છે.

અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત મિલ્કત રિડીમ કરવા માટે લેનારાનું ધ્યાન દોરવામાં આવે છે. ખાસ કરીને કરજદાર અને સામાન્ય રીતે જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર એએચએફએલના ચાર્જને આધીન રહેશે જે અહી દર્શાવેલ રકમ વ્યાજ સાથે રહેશે.

ક્રમ	કરજદાર(ઓ)/સહ-કરજદાર(ઓ)નું નામ (શાખાનું નામ)	સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત)	ડિમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નંબર ૧૩૨૧૦૦૦૦૦૬૬/ ગાંધીધામ શાખા), ભોજરાજ શામજી મતિયા (કરજદાર), નરેશ શામજીભાઈ મતિયા (જામીનદાર)	મિલકતની દરેક જગ્યા નિર્મલ નગર સત્યમ મિશન સ્કૂલ પાછળના પ્લોટ નંબર ૫૫ કિડાણા કચ્છ, ગુજરાત - ૩૭૦૨૦૫ **સીમાઓઃ** પૂર્વ - આંતરિક રોડ, પશ્ચિમ - પ્લોટ નં.૧૦૦, ઉત્તર - પ્લોટ નં.૫૬, દક્ષિણ- પ્લોટ નં.૫૪.	10-12-2023 ₹ 5,74,027/-	24-04-2024

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૨૭.૦૪.૨૦૨૪

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ